**સને ૨૦૨૫-૨૬ નવી બાબત**

ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી TRI, Gujarat હેઠળ આદિજાતિ સંબંધિત વિષયો પરત્વે તાલીમ, સેમિનાર, વર્કશોપનું આયોજન કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: TDD/NEW/e-file/25/2024/1041/KH
આદિજાતિ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ઈ સાઈન મુજબ

વંચાણે લીધા:-

(૧) ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, ગાંધીનગરનો તા.૦૬/૧૨/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: GTRTS/0025/12/2024.

**પ્રસ્તાવના**

ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી TRI, Gujarat દ્વારા વિવિધ પ્રકારની તાલીમનું આયોજન કરવામાં આવે છે. આદિવાસીઓના વિકાસ, કલ્યાણને સ્પર્શતા મુદ્દાઓ અને સંલગ્ન સાંપ્રત પ્રવાહોને સાંકળીને વિભાગના પરામર્શમાં રાષ્ટ્રીય, રાજય સ્તરીય અને જિલ્લા સ્તરે જરૂરીયાત મુજબ સેમિનાર, વર્કશોપ અને તાલીમનું આયોજન કરવા GTRTS દ્વારા કુલ રૂ.૦.૬૮ કરોડની નવી બાબતની આગામી વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદરહુ દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગ હસ્તકની ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી TRI, Gujarat હેઠળ આદિજાતિ સંબંધિત વિષયો પરત્વે તાલીમ, સેમિનાર, વર્કશોપનું આયોજન કરવા માટે વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૦.૬૮ કરોડની નવી બાબતનો કોલમ નં.૪ માં દર્શાવેલ બજેટ સદર હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈ મુજબ નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | જોગવાઈ રૂ.કરોડમાં<br>કુલ રકમ | બજેટ સદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી TRI, Gujarat હેઠળ આદિજાતિ સંબંધિત વિષયો પરત્વે તાલીમ, સેમિનાર, વર્કશોપનું આયોજન કરવા બાબત. | ૦.૬૮ કરોડ | માંગણી નં. – ૯૩ અનુ.આદિજાતિ આયોજન<br><br>મુખ્ય સદર– ૨૨૨૫-૦૨-૮૦૦- ૨- વીકેવાય-૪૨ |

**શરતો:**

(૧) આ સદર હેઠળનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૫ બાદ જ કરવાનો રહેશે.

(૨) અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા વધે નહી તે મુજબનું આયોજન કરવાનું રહેશે.

(3) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) આ યોજનાના અંગે મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

Signature Not Verified
Signed by: Jackson Hegan
Section Officer
Date: 2025.05.22
11:14:43 +05:30

(૫) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવવાનુ રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૧) તાલીમો, સેમિનારો, વર્કશોપ માટે જરૂરી સામગ્રી, સાહિત્યની ખરીદી કરવાની થાય તો તે માટે સરકારશ્રીના નિયમોનુસાર GeM Portal આધારિત તેવી ખરીદી કરવામાં આવશે

(૧૨) તમામ સેમિનાર, વર્કશોપ, તાલીમ બાબતે વિગતવાર અહેવાલ TRI દ્વારા તૈયાર કરી નિયત સમયમર્યાદામાં આદિજાતિ વિકાસ વિભાગને રજૂ કરવાનો રહેશે.

સદરહુ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(જેક્સન હેગન)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી (કમિશનરશ્રી(આ.વિ) મારફત)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (કમિશનરશ્રી(આ.વિ) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, છ(બજેટ) શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઇલ.